ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૦/૨૧-૨૨/ ૩૧૭૫ તારીખ : 26 OCT 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી પ્રભુભાઈ ઓ.બાંભણીયા,**
**બાંભણીયા પેથોલોજી લેબોરેટરી,**
**તથા બ્લડ બેંક,**
**ટ્રેડ સેન્ટર, કાળાનાળા સર્કલ,**
**ભાવનગર-૩૬૪૦૦૧.**
**મો.નં-**

કેસ નં.૩૦/૨૧-૨૨

**વિષય : ઓડીટ રીપોર્ટના આધારે આપેલ પૂરવણી બિલ વસુલવા સામે વાંધા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૯/૦૭/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૧-૨૨/૨૧૯૮ તા.૨૬/૦૭/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૧-૨૨/૨૭૩૫ તા.૧૪/૦૯/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૧-૨૨/૨૯૩૬ તા.૩૦/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૧૦/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, ભાવનગર.

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કાળાનાળા.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૩૦/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી પ્રભુભાઈ ઓ.બાંભણીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખ:– તા.૧૨/૧૦/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી પ્રભુભાઈ ઓ.બાંભણીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર,શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પ્રભુભાઈ ઓ.બાંભણીયા, મું.ભાવનગર ની ઓડીટ રીપોર્ટ ના આધારે આપેલ પૂરવણી બિલ વસુલવા સામે વાંધા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૦/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૧–૨૨/૨૧૯૮ તા.૨૬/૦૭/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૩/૦૯/૨૦૨૧ તથા તા.૧૨/૧૦/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **<u>તા.૨૩/૦૯/૨૦૨૧</u>** ના રોજ વાદી પોતે શ્રી પ્રભુભાઈ ઓધવજીભાઈ બાંભણીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર,શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ. તેમજ **<u>તા.૧૨/૧૦/૨૦૨૧</u>** ના રોજ વાદી ગેરહાજર રહેલ, પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર,શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદી શ્રી જણાવે છે કે, અમો અરજદાર પેથોલોજી લેબોરેટરી અને બ્લડ બેંક ની સામાજીક જાહેર આરોગ્ય વિષયક પ્રવૃતિ ચલાવીએ છીએ.

૧.૨ અમો અરજદાર પીજીવીસીએલ ના છેલ્લા ૨૦–૨૨ વર્ષ થી ગ્રાહક છીએ અને અમોએ કયારેય વિજચોરી કરેલ નથી અને વિજ વપરાશનું નિયમીત બિલ ભરીએ છીએ.

૧.૩ તાજેતરમાં પીજીવીસીએલ દ્વારા તા.૨૩/૬/૨૦૨૧ ના રોજ રજી.એડી મારફતે પૂરવણી બિલ રકમ રૂા.૪૧,૫૮૮/૬૬ અંગે જાણ કરવામાં આવેલ. સદર રકમ એ ઓડિટ રીપોર્ટ ના અનુસંધાને આપવામાં આવેલ જેની

૧.૪ પીજીવીસીએલ દ્વારા દર માસે વિજ વપરાશનું બિલ આપવામાં આવે તે અમો ગ્રાહક તરીકે નિયમીત રીતે ભરીએ છીએ. જેમાં અમારી કોઈ ચૂક કે ભૂલ નથી.

૧.૫ અમારી જાણ મુજબ દર વર્ષે CA ઓડિટ જે તે વિભાગમાં થતા જ હોય છે. આટલા લાંબા સમય પછી (એપ્રિલ–૧૩ થી એપ્રિલ–૨૧) એટલે ૮ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ ઓડિટ ના ધ્યાન પર આવે અને અમોને પૂરવણી બિલ ભરવા જણાવવામાં આવે, તે યોગ્ય નથી.

૧.૬ પીજીવીસીએલ દ્વારા અમો ગ્રાહક ને વિજ વપરાશના બિલો આપવામાં શું ભૂલો થયેલ છે તે આટલા વર્ષો સુધી CA ને ઓડિટ કરતા સમયે આ બાબત ધ્યાન પર કેમ ન આવી ? તે પણ એક સવાલ ઉભો થાય છે.

૧.૭ અમો ગ્રાહક કોઈ ધંધાદારી પ્રવૃતિ ચલાવતા નથી. માત્ર જાહેર સેવાકીય પ્રવૃતિ કરીએ છીએ.

૧.૮ હાલ અમો અરજદાર ને પીજીવીસીએલ દ્વારા જે વપરાશનું બિલ દર માસે આપવામાં આવે છે તે અમો અરજદાર દ્વારા જ્યાં સુધી આ બાબત નું નિરાકરણ ન આવે ત્યાં સુધી ભરવા સહમત છીએ.

૧.૯ અમો અરજદાર હાલ આરોગ્ય વિષયક આવશ્યક ઈમરજન્સી સેવાના ભાગરૂપે ૨૪ કલાક બ્લડ બેંક ચલાવીએ છીએ. બ્લડબેંક માં સ્વૈચ્છિક દાન કરેલ રકત ઘટકોની સંગ્રહ કરવામાં આવે છે. જેથી, અમારી આપ સાહેબને માનસર નમ્ર વિનંતી સહ અરજ છે કે, અમો અરજદાર નો વિજ પુરવઠો આરોગ્ય વિષયક જાહેર સેવા પ્રવૃતિ ને ધ્યાને લઈ, બંધ કરવામાં ન આવે તેવી નમ્ર અપીલ છે.

૨.૦ અમો ગ્રાહક ની રજૂઆત ને ધ્યાને લઈ, અમોને યોગ્ય ન્યાય મળે તેવી વિનંતી છે. તેમજ અમો અરજદારને આપવામાં આવેલ પૂરવણી બિલ ની રકમ ભરપાઈ કરવાની મુકિત મળે અને કસૂરવાર પીજીવીસીએલ ના જે તે અધિકારીઓ ની ક્ષતિ જણાતી હોય તો, હવે પછી ક્ષતિ સુધારવા નિર્દેષ જારી કરવા અનુરોધ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆત – ૧ તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદારશ્રી બાંભણીયા પેથેલોજી લેબોરેટરી, કાળાનાળા ગ્રાહક નં–૩૦૪૦૩/૧૦૬૧૮/૪ એ GLP કેટેગરી ધરાવતું કનેકશન છે.

૨.૨ ગ્રાહકશ્રી ને ઓડીટ રીપોર્ટ મુજબ વિધુત શુલ્ક રીકવરી ના રૂા.૪૧૫૮૮/૬૬ નું બિલ આપવામાં આવેલ.

૨.૩ સદર ગ્રાહકશ્રી ની પીઆરટી–૧૪૫ તપાસતાં, નવે–૧૦ થી માર્ચ–૧૨ સુધી ૧૫ % વિધુત શુલ્ક અને એપ્રિલ–૧૨ થી મે–૨૧ ૧૧.૨૫ % વિધુત શુલ્ક વસુલવામાં આવેલ.

૨.૪ ત્યારબાદ,જુન–૨૧ થી વિધુત સમાહર્તા કચેરીના પરિપત્ર નં–૭૩૧૩–૩૩ તા.૨૪/૪/૨૦૨૦ થી ૨૫ % વિજદર ને ૨૦ % આકારવાની સૂચના અન્વયે, જુન–૨૧ થી ૨૦ % વિધુત શુલ્ક કરવામાં આવેલ છે.

૨.૫ ઓડિટ ટીમ દ્વારા એપ્રિલ–૧૩ થી એપ્રિલ–૨૧ સુધી વિધુત શુલ્ક નો દર ૨૦ % આકારી સ.ડિ.દ્વારા પુરવણી બિલ આપવામાં આવેલ છે.

૨.૬ વર્ષ–૨૦૧૩ ના વિધુત શુલ્ક ના પરિપત્ર થી માત્ર ૩ પ્રકારના વિધુત શુલ્ક ના દરો જેમ કે, ૧૦%, ૧૫%, ૨૫%, તેમજ ગવર્નમેન્ટ હોસ્ટેલ માં ૧૧.૨૫ % આકારવાનો નિર્દેષ કરવામાં આવેલ.

Grievance Redressal
P.G.V.C.L.

૨.૭ કાળાનાળા સ.ડિ.દ્વારા સંદર્ભિત અનુસંધાન પત્ર નં–૩ થી ગ્રાહકશ્રી ને વિધુત શુલ્ક નો પ્રશ્ન હોય, વિધુત શુલ્ક કચેરી, ગાંધીનગર નો સંપર્ક કરવા માટે તેમજ વિધુત શુલ્ક માફીનો પત્ર મેળવવા માટે જાણ કરવામાં આવેલ. પરંતુ, અરજદારશ્રી દ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કરેલ હોય, તો પીજીવીસીએલ ને તે બાબતે વાકેફ કરેલ નથી.

૨.૮ ગ્રાહકશ્રી દ્વારા ૮ વર્ષ જુનું લેણું ભરપાઈ કરવા અંગે વિજ અધિનિયમ–૨૦૦૩ ના કલમ નં–૫૬.૨ મુજબ ( તે સમયે અમલમાં તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં આ કામ હેઠળ કોઈપણ ગ્રાહક પાસે લેણી કોઈપણ રકમ, જયારે આવી રકમ પ્રથમ લેણી બને તે તારીખથી ૨ વર્ષ ની મુદત પછી વસુલી શકાશે નહી, સિવાય કે આવી રકમ ઈલેકટ્રીસીટી સપ્લાય ની ખર્ચ ની બાકી તરીકે વસુલ કરવા પાત્ર તરીકે સળંગ દર્શાવવામાં આવી હોય અને લાયસન્સદાર, ઈલેકટ્રીક સપ્લાય કાપ્યો હોવો જોઈશે નહી.) સદર વિજ અધિનિય નો સામાન્ય અર્થ છે કે, ગ્રાહક પીડીસી થયેલ ન હોય અને ગ્રાહક રેગ્યુલર લેઝરમાં હયાત હોય, તેવા સંજોગોમાં કંપની બિલ ભૂલ ને કારણે ઉપસ્થિત થયેલ રીકવરી ની રકમ વસૂલ કરવા હકકદાર છે. આમ, જયારે પહેલી વખત ભૂલ ઉદભવે ત્યારે તે સમયગાળાથી પછીના ૨ વર્ષ નો સમયગાળો ગણતરીમાં લેવામાં આવે છે.

જેથી, ઉપરોકત માહિતી ને ધ્યાને લઈ, સદર કેસમાં કંપની ની તરફેણમાં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજુઆત – ૨ તેમની રજુઆત છે કે,**</u>

જયભારત સાથ જણાવવાનું કે, કાળાનાળા સબ ડિવિઝન હેઠળ ના ગ્રાહક શ્રી મેં.બાંભણીયા પેથોલોજી લેબ કે/ઓ પ્રભુભાઈ ઓ.બાંભણીયા, ગ્રાહક નં–૩૦૪૦૩/૧૦૬૧૮/૪ (Cat:GLP) દ્વારા તા.૧૯/૭/૨૦૨૧ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ઝોનલ કચેરી, ભાવનગર ખાતે તેમને અપાયેલ ઓડિટ બિલ રૂા.૪૧,૫૮૮/૬૬ ના પુરવણી બિલ બાબતે સંદર્ભીત અનુસંધાન પત્ર નં–૧ થી રજૂઆત કરેલ. જે સંદર્ભે સંદર્ભીત અનુસંધાન પત્ર નં–૨ થી ગ્રાહક શ્રી દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ઝોનલ કચેરી, ભાવનગર દ્વારા ગ્રાહકશ્રી ને વિગતે તેમની રજૂઆત કરવા જણાવેલ અને તેમની નકલ કાળાનાળા સ.ડિ ને આપેલ. જે અન્વયે, સંદર્ભીત અનુસંધાન પત્ર નં–૩ થી કાળાનાળા સ.ડિ. દ્વારા ગ્રાહકશ્રી ને પ્રત્યુતર પાઠવેલ. ત્યારબાદ, ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ઝોનલ કચેરી, ગ્રાહકશ્રી દ્વારા ગ્રાહકશ્રી ની સદર રજૂઆત ને કેસ નં–૩૦/૨૧–૨૨ થી નોંધેલ છે.જે અન્વયે, તા.૨૩/૯/૨૦૨૧ ના રોજ હીયરીંગ હતું. જેમાં, બંને વાદી તથા પ્રતિવાદી ને સાંભળવામાં આવેલ.

૨.૧ અરજદારશ્રી બાંભણીયા પેથોલોજી લેબોરેટરી, કાળાનાળા ગ્રાહક નં–૩૦૪૦૩/૧૦૬૧૮/૪ એ જીએલપી કેટેગરી ધરાવતું કનેકશન છે. જે સપ્ટેમ્બર–૧૧ પછી નવી ટેરીફ આવતા ટેરીફ ચેઈન્જ થયેલ છે. અગાઉ સદર કનેકશન એ એલએફડી–૩ કેટેગરી ધરાવતું હતું.

૨.૨ ગ્રાહકશ્રી ને ઓડિટ રીપોર્ટ મુજબ વિધુત શુલ્ક રીકવરી ના રૂા.૪૧૫૮૮/૬૬ નું બિલ આપવામાં આવેલ.

૨.૩ સદર ગ્રાહક શ્રી ની પીઆરટી–૧૪૫ તપાસતાં, નવે–૧૦ થી માર્ચ–૧૨ સુધી ૧૫ % વિધુત શુલ્ક અને એપ્રિલ–૧૨ થી મે–૨૧ ૧૧.૨૫% વિધુત શુલ્ક વસુલવામાં આવેલ. જે એલએફડી–૩ માંથી જીએલપી કનેકશન થતા ઈડી કોડ બદલવામાં આવેલ.

૨.૪ ત્યારબાદ,જુન–૨૧ થી વિધુત સમાહર્તા કચેરીના પરિપત્ર નં–૭૩૧૩–૩૩ તા.૨૪/૪/૨૦૨૦ થી ૨૫ % વિજદર ને ૨૦ % આકારવાની સૂચના અન્વયે, જુન–૨૧ થી ૨૦ % વિધુત શુલ્ક કરવામાં આવેલ છે.

૨.૫ ઓડિટ ટીમ દ્વારા એપ્રિલ–૧૩ થી એપ્રિલ–૨૧ સુધી વિધુત શુલ્ક નો દર ૨૦ % આકારી સ.ડિ.દ્વારા પુરવણી બિલ આપવામાં આવેલ છે. જે ઓડિટ રીપોર્ટ તથા ઑડિટ ટીમ દ્વારા અપાયેલ ગણતરી પત્રક સામેલ છે.

૨.૬ કાળાનાળા સ.ડિ.દ્વારા સંદર્ભિત અનુસંધાન પત્ર નં–૩ થી ગ્રાહકશ્રી ને વિધુત શુલ્ક નો પ્રશ્ન હોય, વિધુત શુલ્ક કચેરી, ગાંધીનગર ના સંપર્ક કરવા માટે તેમજ વિધુત શુલ્ક માફીનો પત્ર મેળવવા માટે જાણ કરવામાં આવેલ. પરંતુ, અરજદારશ્રી દ્વારા આ અંગે કોઈ કાર્યવાહી કરેલ હોય, તો પીજીવીસીએલ ને તે બાબતે વાકેફ કરેલ નથી.

૨.૭ ઉપરાંત,કાળાનાળા સબ ડિવિઝન દ્વારા પણ ઈડી કલેકટરને પત્ર નં–કેએનએસડી/રેવ/૫૦૪૧ તા.૨૨/૯/૨૦૨૧ થી ઈડી રીકવરી સબબ પત્ર લખાયેલ છે.

જેથી, ઉપરોકત માહિતી ને ધ્યાને લઈ, સદર કેસમાં કંપની ની તરફેણ માં ઘટતું કરવા વિનંતી છે. જે આપની નમ્ર જાણ સારૂં તથા ઉપરોકત બાબત ધ્યાનાર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી પ્રભુભાઈ ઓ.બાંભણીયા કે/એ બાંભણીયા પેથેલોજી લેબોરેટરી તથા બ્લડ બેંક, ભાવનગર શહેરમાં GLP ટેરીફ હેઠળ ગ્રાહક નં–૩૦૪૦૩/૧૦૬૧૮/૪ થી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, પ્રતિવાદીએ તા.૨૩/૬/૨૦૨૧ ના રોજ વાદીને રૂા.૪૧,૫૮૮/૬૬ નું ઈલે.ડ્યુટી ના ચાર્જ ના તફાવતનું પુરવણી બિલ આપેલ છે. જેની સામે વાદીને વાંધો છે.

૩.૩ પ્રતિવાદીની ઓડિટ ટીમે ઓડિટ દરમ્યાન ઈલે.ડ્યુટી ની શોર્ટ રીકવરી અંગેનું ઓડિટમાં ધ્યાનમાં આવતા વાદી પાસેથી રૂા.૪૧,૫૮૮/૬૬ ની વસુલાત કરવા માટે સૂચવેલ.

૩.૪ પ્રતિવાદી દ્વારા નવે–૧૦ થી માર્ચ–૧૨ સુધી ૧૫% ઈલે.ડ્યુટી અને એપ્રિલ–૧૨ થી મે–૨૧ સુધી નું ૧૧.૨૫ % વિધુત શુલ્ક દરેક વિજ બિલ માં આકારવામાં આવેલ. ત્યારબાદ, વિધુત સમાહર્તા કચેરી ના પરિપત્ર નં–૭૩૧૩ /૩૩ તા.૨૦/૪/૨૦૧૦ થી ૨૦ % વિધુત શુલ્ક આકારવા માટે નો પરિપત્ર આવેલ.

૩.૫ પ્રતિવાદીએ એપ્રિલ–૧૩ થી એપ્રિલ–૨૧ સુધી ના માસિક બિલમાં ૧૧.૨૫ % વિધુત શુલ્ક રીકવર કરેલ છે. જે ખરેખર ૨૦ % રીકવર કરવાનો થતો હતો. આથી, પ્રતિવાદી એ શોર્ટ ફોલ રીકવરી નું એપ્રિલ–૧૩ થી એપ્રિલ –૨૧ ના સમય દરમ્યાન નું સ્ટેટમેન્ટ બનાવી અને શોર્ટ ફોલ ED ની રીકવરી રૂા.૪૧,૫૮૮/૬૬ નું પૂરવણી બિલ વાદીને આપેલ. જેની સામે વાદીએ ફોરમ માં રજૂઆત કરેલ છે..

૩.૬ વિધુત શુલ્ક ની વસુલાત એ સરકારી કર છે તથા તે ગુજરાત ઈલે.ડ્યુટી એકટ–૧૯૫૮ હેઠળ જે તે નિશ્ચિત દર મુજબ વસુલાત કરવાને પાત્ર છે.

વિધુત શુલ્ક ની વસુલાત વિજ કંપની ગુજરાત સરકાર વતી વિજ બિલ માં કરે છે અને તે વિધુત શુલ્ક ની રકમ ગુજરાત સરકારશ્રી, વિધુત સમાહર્તા કચેરીમાં જમા કરાવવાની વિજ કંપનીની જવાબદારી છે. આમ, વિધુત શુલ્ક ના દરો અને વસુલાત જે વિજ વિતરણ કંપની વસુલે છે તે ગુજરાત ઈલેકટ્રીસીટી એકટ–૧૯૫૮ તેમજ તેમના નીચે બનાવવામાં આવેલ નિયમો હેઠળ કરે છે. નહી કે, વિધુત અધિનિયમ–૨૦૦૩ તથા તેના બનાવવામાં આવેલ નિયમો તેમજ હુકમો હેઠળ, વધુમાં ગુજરાત ઈલેકટ્રીસીટી ડ્યુટી એકટ–૧૯૫૮ તેમજ તેમના નીચે બનાવવામાં આવેલ નિયમોમાં કોઈ પ્રાવધાન નથી કે ૨ વર્ષ પહેલાનું લેણું વસુલ કરવા પાત્ર નથી.

Redress

૩.૭ આ કેસ માં સ્પષ્ટ હકીકત છે કે સામાવાળા પ્રતિવાદી દ્વારા અરજદારને આપવામાં આવેલ પુરવણી બિલ તે વિદ્યુત શુલ્ક ની રીકવરી અંગેનું છે અને તે રીકવરી માનવીય ભૂલ ને કારણે ઉભી થયેલ છે નહી કે, વિદ્યુત બિલ માં અગાઉ દર્શાવવામાં આવેલી રકમ પાછળથી બાકી લેણાં ની રકમ.

આમ, જે માનવીય ભૂલ થયેલ છે તેના સુધારા હવે પાછળથી કાર્યવાહી કરી વિદ્યુત શુલ્ક રીકવર કરવા માટેનું પુરવણી બિલ આપેલ છે.

૩.૮ વિદ્યુત શુલ્ક અંગેની કોઈપણ રજૂઆત કે ફરીયાદ ફોરમના કાર્યક્ષેત્રમાં આવતું નથી તેના માટે વાદીએ વિદ્યુતશુલ્ક સમાહર્તા ને રજૂઆત કરવી જોઈએ, કારણ કે, વિદ્યુત શુલ્ક માટે વિદ્યુત સમાહર્તા એ સક્ષમ અધિકારી છે.

૩.૯ વિદ્યુત લોકપાલ એ કેસ નં–૨૧/૨૦૨૦ થી અરજદારશ્રી જીતુભાઈ જે શેઠ વિરૂધ્ધ કાર્યપાલક ઈજનેર, મહુવા માં ના હુકમ માં અવલોકન અને નોંધ કરેલ છે, કે ગુજરાત ઈલેકટ્રીસીટી ડયુટી એકટ – ૧૯૫૮ હેઠળ વિદ્યુત શુલ્ક વસુલ કરવા માટે વાદીને આપવામાં આવેલ પૂરવણી બિલ એ વાદી એ ભરવાપાત્ર છે.

૪.૦ વિદ્યુત શુલ્ક કે તે અંગેની રજૂઆત ફોરમ ના કાર્યક્ષેત્રમાં ન આવતી હોય, આ અંગે ફોરમે કશો હુકમ કરવાનો રહેતો નથી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં "૪.૦" મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

Jmehta

(શ્રીમતી જે.એમ.મેહતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એ.એ.જાડેજા)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એમ. આર.વજરીયા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૨/૧૦/૨૦૨૧.**

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar